# વ્હાઈટ હાઉસ (સુંદર વિચારો)

- ઝેરના પારખા કરતાં પાપના પારખા વધુ ભયંકર હોય છે.
- સાધના વગર સિદ્ધિ નકામી અને સિદ્ધિ વગર પ્રસિદ્ધિ નકામી.
- આ દુનિયામાં પૈસા રળે છે બધા પણ ફળે છે કો ક ને જ.
- ધનને સાચવી જાણે તે સંસારી, મનને સાચવી જાણે તે સંયમી.
- દુનિયાનો તમામ વ્યવહાર મૌલિકતાથી કરો, પણ માલિકતાથી નહીં.
- ખોરાક, પૈસા અને પ્રતિષ્ઠા લીમીટમાં હોય તો સારા.
- કણ અને ક્ષણની કિંમત જે સમજે તે મનુષ્ય સદા સુખી થાય.
- કરેલા કામ અને દીધેલા દાન કદી નિષ્ફળ જતા નથી.
- સંસારી દુ:ખનો અંત શોધે છે, જ્યારે સંત દુ:ખનું કારણ શોધે છે.
- જીવનમાં કેળવો નીતિથી, ભોગવો રીતિથી અને આપો પ્રીતિથી.
- જે નાની વાતમાં ખોટું લગાડે એને મિત્ર કદી બનબવશો નહીં.
- પરસેવો પાડ્યા વિનાની પ્રાપ્તિ સુખ અને શાંતિ સમાપ્તિ કરે.
- જવાબદારી એ સમજદારીનું પ્રથમ સોપાન છે.
- જીવનમાં સફળ બનવું આસાન છે. પણ સરલ બનવું મુશ્કેલ છે.
- લાચારી માણસને દીન બનાવે, ખુમારી માણસને મહાન બનાવે.
- સમગ્ર વિશ્વનો સુધારો હોજો, તેનો આરંભ મુજથી હોજો...?
- જ્યાં સુધી નમ્રતાથી કામ પતે ત્યાં સુધી ઉગ્રતા ન લાવો.
- કાયા સારી રહે તપ થકી, મન સારૂ રહે જપ થકી.
- જે ક્રોધનો જન્મ વૈરમાંથી થાય છે એ ક્રોધ હંમેશા કાતિલ હોય છે.
- પ્રત્યેક સંકટ જીવનની વાસ્તવિકતા સમજાવવા માટે જ આવે છે.
- મલાઈ વગર દૂધ નકામું, ભલાઈ વગર જીવન નકામું
- જેના પ્રેમમાં સ્વાર્થ અને વાસના ન હોય એ માનવી દેવતૂલ્ય છે.
- જેના જીવનમાં પ્રસિદ્ધિની ભૂખ જાગે તેના જીવનમાં સિદ્ધિ દૂર ભાગે.
- જે ક્ષેત્રમાં  સુકાનો અભાવ હોય ત્યાં તૂફાન શરૂ થઈ જાય છે.
- મન મેલું હોય ત્યારે મુખ ઉપર એની મહોર અવશ્ય દેખા દે.
- આપણી ઉન્નતિમાં કોઈની અવનતિ ન થાય તેનું ધ્યાન રાખજો.
- જેની ભાષામાં સભ્યતા કોય એના જીવનમાં ભવ્યતા આવે.
- જીવનમાં સુવાસ અને પ્રભુમાં વિશ્વાસ... જીવનની સફળતાછે.
- અલ્પકાળઓ ક્રોધ દીર્ઘમાળની પ્રસન્નતા ખત્મ કરે છે.
- ખરાબ મિત્રોની સોબત હંમેશા ખતરનાક સાબિત થાય છે.
- જીવનમાં ગુરુની આજ્ઞા તથા આર્શિવાદ અતિ આવશ્યક છે.
- વર્તમાન સમયે સાચો પ્રેમ અને સાચી મૈત્રી અતિદુર્લભ છે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

- કોઈ પણ કાર્યમાં કંટાળો ન આવે તે ભાગ્યોદયની નિશાની છે.
- પુરસ્કારની અપેક્ષા સાથે પરોપકાર કદી ન કરશો.
- પવિત્રતા અને પાત્રતા વગર સુંદર જીવનની કલ્પના અશક્ય છે.
- તમારો સ્વભાવ એવો બનાવો કે બધેથી સદ્‌ભાવ મળે.
- મનુષ્ય સ્વભાવે દુષ્ટ નથી પણ સ્વાર્થ તેને દુષ્ટ બનાવે છે.
- માનવીને આંખની શરમ ભલે હોય પરંતુ સત્યમાટે તો ન જ હોવી જોઈએ.
- સારા વિચારો કાટે દરેક વાતમાં શંકા છોડી દો...
- બહુ જલ્દી મળેલી સફળતા બહુ જલ્દી નિષ્ફળતામાં ધકેલી દેશે.
- સાચા દિલની વાત હોય ત્યાં દલીલો નકામી થઈ જાય છે.
- સમાધાન કરીને મેળવાયેલી શાંતિ હંમેશાં અલ્પકાલીન હોય છે.
- હસીને તમે બીજાને હસાવજો પણ તમારી જીંદગી હાસ્યાસ્પદ ન બનાવશો.
- જે કાર્ય આગ્રહથી નથી થતું તે કાર્ય પ્રેમ અને શાંતિથી થાય છે.
- જગતને સુધારવું અશક્ય છે પણ જાતને સુધારવી અનિવાર્ય છે.
- જીવનમાં જેટલી સાદાઈ હશે વિચારોમાં તેટલું ઉંડાણ થશે.
- બધાની આંખડી ઠારજો પર કોઈની આંતરડી ન બાળશો.
- દુ:ખમાં સમાધિ રાખવાની ચાવી.: બીજા બધા તો ‘નિમિત્ત’ માત્ર જ છે. ભૂતકાળમાં મેં બાંધેલા ‘કર્મો’ જ મારા દુ:ખનું મુખ્ય કારણ છે.
- શરીરને ‘તનને’ બગાડતું અટકાવવાની દવા બજારમાં મળી શકે પરંતુ ‘મનને’ બગાડતું અટકાવવાની દવાની શોધ જગતમાં થઈ છે ખરી !
- માણસ ‘ઉંમર લાયક’ બની જાય છે પણ ‘ઉંમરને લાયક’ બહુ ઓછા બને છે.
- આબરૂ પ્રમાણે નહીં, પણ આવક પ્રમાણે જીવશો તો શાંતિ પામશો. નહીં તો આબરૂ સાચવવામાં દેવાના ડુંગર નીચે દબાઈને તમે બેઆબરૂ બની જશો.
- જ્યાં પાપનો પાર નહીં, સંતાપનો સુમાર નહીં, શાંતિ ક્ષણવાર નહીં, એવા સંસારમાં... કંઈ સાર નથી.
- માણસ પૈસાને બચાવે તે જરૂરી છે. પણ... બચાવેલા પૈસાથી માણસ માણસ ને બચાવે તે વધારે જરૂરી છે.
- અનંતા અરિહંત પરમાત્માની દેશનાનો ટુંકમાં એકજ સાર, હે જીવ! તું તારા દોષ દૂર કર અને બીજાના દુ:ખ દૂર કર!
- ‘ધર્મ’ તો જીવનમાં ઘણો કર્યો છે, પરંતુ ‘અધર્મ’ ઓછો કર્યો નથી, માટે જ આપણું ભવભ્રમણ અનાદિ કાળથી ચાલુ ને ચાલુ જ છે.
- જગતનો સૌથી દેવાળિયો માનવી એ છે, જે પોતાનો ઉત્સાહ ખોઈ બેસે છે.
- જે રીતે મહેનત શરીરને વધુ શક્તિ આપે છે એ જ રીતે મુશ્કેલીઓ માનવીને વધુ શક્તિશાળી બનાવે છે.
- મુસીબત તો આવે કે ન પણ આવે, પણ આવનારી મુસીબતોનો ડર આપણને એ મુસીબત કરતાં અનેક ગણા દુ:ખી કરી નાખે છે.

- દુ:ખ આવતા પહેલા જે દુ:ખી થઈ જાય છે, એ જરૂર કરતાં વધુ દુ:ખ ઉપાડે છે.
- સદાય આનંદ સભર, આશાવાદી, ખુશમિજાજ રહેવું તે પણ એક પ્રાપ્તિ છે.
- જે એ જાણી ગયો છે કે, એનાથી ભૂલ થઈ ગઈ છે, અને એ સુધારવાની કોશિશ નથી, કરતો, તો સમજવું કે એ એક બીજી ભૂલ કરી રહ્યો છે.
- પોતાની થયલી ભૂલ જે જોઈ નથી શકતો તે મૂર્ખ છે, અને પોતાની થયેલી ભૂલને જાણવા છતાંય એને સુધારવાની કોશિષ નથી કરતો એ મહામૂર્ખ છે જો આ દુનિયામાં સફળતા મેળવવી હોય, તો એકવાર યાદ રાખો : પોતાની ભૂલને જુઓ અને એ ભૂલને સુધારવાની કોશિષ કરો.
- બધી કળાઓમાં શ્રેષ્ઠ કળા છે, હળીમળીને સાથે રહેવાની કળા.
- સારા વર્તનથી ધન વધે છે, અને સારાં વર્તનથી નામ વધે છે. સારા વર્તનથી ઉંમર વધે છે, અને સારા વર્તનથી જ વ્યક્તિના ચારિત્ર્યના દોષ ખતમ થઈ જાય છે.
- જેને પોતાનું જીવનકાર્ય મળી ગયું હોય, તે મનુષ્ય ધન્ય છે. બીજી કોઈ ધ્ન્યતા પ્રાપ્ત કરવામાટે તેને ઈચ્છા ન રાખવી જોઈએ.
- બેઈમાનીના પૈસાથી સુખી થવાનો પ્રયત્ન કરવો, તે ખરાબ રંગ અને ખરાબ પીછીંથી સુંદર ચિત્ર બનાવવા જેવું છે.
- જો તમે કાંઈક મેળવવા માંગતા હો, તો કંઈક આપતા શીખો.
- માનવી ગરીબ છે કે પૈસાદાર એ તેની કમાણી ઉપરથી નહિ, પણ તેની આવક અને ખર્ચ કરવાની પદ્ધતિ ઉપરથી નક્કી થાય છે. જે બચત કરી જાણે છે, એ જ સાચો પૈસાદાર છે, બાકી માત્ર કમાઈ જાણનાર.
- આળસ એ કુદરતે આપેલા હાથપગનું અપમાન છે.
- ફક્ત એ જ આળસું નથી, જે કંઈ જ નથી કરતો, આળસુ તો એ પણ છે જે વધુ સારું કામ કરી શકે છે, પણ કરતો નથી.
- તમે નાનાં નાનાં કામ ચીવટ રાખીને કરતા રહેશો, તો મોટા માણસ બની શકશો.
- જે તમે ન જાણતા હો, તે તમે નથી જાણતા, તેમ કબૂલ કરો, તે જ્ઞાન કહેવાય.
- જે કામ શરૂ કરવામાં જ નથી આવતું, તેજ સૌથી લાંબો સમય લે છે.
- એ જ સાચો બહાદુર છે જે ક્યારેય નિરાશ નથી થતો.